Letter No: WCDD/0177/07/2024 Dt: 12-07-2024

આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોની ક્ષમતાવર્ધન માટેની જોબ ઓરીએન્ટેશન તાલીમનું આયોજન કરવાની સત્તા જિલ્લા કક્ષાએ આપવા બાબત.

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક : WCDD/NIE/e-file/23/2024/0019/B (ICDS)

બ્લોક નં. : ૯/૮, સરદારભવન,

સચિવાલય,ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) વિભાગના તા. ૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: **WCDD/NIE/e-file/23/2024/0019/B (ICDS)**

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૩૧/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: **ICDS/TAI/e-file/257/2023/1198/TAI**

પ્રસ્તાવના:

આઈ.સી.ડી.એસ. સેવા યોજના અંતર્ગત કાર્યરત આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને તેમની ક્ષમતાવર્ધન થાય તેમજ આઈ.સી.ડી.એસ. સેવા યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે તે હેતુથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આંગણવાડી કાર્યકર બહેનો માટે જોબ તાલીમ અને તેડાગર બહેનો માટે ઓરીએન્ટ્રેશન તાલીમની ઉક્ત સંદર્ભિત ઠરાવ (૧) થી વહીવટી મંજૂરી આપેલ છે. ઉક્ત સંદર્ભિત પત્ર (૨) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને ક્ષમતાવર્ધન માટેની જોબ ઓરીએન્ટેશન તાલીમ જુનાગઢ જિલ્લામાં પ્રાદેશિક અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, "શશીકુંજ, જુનાગઢ એ સહમતિ દર્શાવેલ છે તેથી તે જિલ્લામાં તે તાલીમ કેન્દ્ર મારફતે તાલીમ કરવા તથા તે સિવાયના જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ જ સંબંધિત પ્રોગ્રામ ઓફીસર તાલીમ કાર્યક્રમ ગોઠવે તે મુજબની સત્તા આપવા જરૂરી દરખાસ્ત કરેલ છે. આથી સંદર્ભિત ઠરાવ(૧)માં જરૂરી સુધારા કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને ક્ષમતાવર્ધન માટેની જોબ ઓરીએન્ટેશન તાલીમ જુનાગઢ જિલ્લામાં પ્રાદેશિક અને પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, "શશીકુંજ", જુનાગઢ ખાતે કરવા તથા તે સિવાયના અન્ય જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ જ સંબંધિત પ્રોગ્રામ ઓફીસરને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવા નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતો :

- મંજુર બજેટ જોગવાઈને આધિન બેચ દીઠ નિયત થયેલ ખર્ચ કરવાનો રહેશે.
- સંબંધિત કચેરીએ નિયત સંખ્યામાં તાલીમાર્થીઓ તાલીમ મેળવે તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.
- સદર તાલીમ કાર્યક્રમનું સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને આધિન સુચારૂ આયોજન થાય અને તાલીમ સમયસર પૂર્ણ થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- સદર તાલીમનું મોનિટરીંગ કમિશ્નરશ્રી(આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા કરવાનું રહેશે તથા જરૂર પડ્યે સદર તાલીમ બાબતે સંબંધિત પ્રોગ્રામ ઓફીસર/બાળ વિકાસ યોજના અધિકારીને માર્ગદર્શન આપવાનું રહેશે.

આ સિવાયની વિભાગના તા: ૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવની જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૮/૦૬/૨૦૨૪ અને નાણા વિભાગની તા. ૦૮/ ૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(ડી.યુ.ગોસાઈ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સચિવશ્રી (આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (આયોજન)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૮. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૯. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૦. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી

૧૧. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૨. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી

૧૩. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઇસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી

૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૧૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૭. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ

૧૮. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

૧૯. સિલેક્ટ ફાઈલ.